
# બી વાવ્યું

# Sowing a Seed

GUJARATI



એક પરંપરાગત વાર્તા

eklavya

A traditional story

# બી વાવ્યું

# Sowing a Seed

એક પરંપરાગત વાર્તા

A traditional story

ચિત્રાંકન: શ્રદ્ધા કિરકિરે

Illustrations: Shraddha Kirkire

eklavya

ARCH

# બી વાવ્યું / Sowing a Seed
## એક પરંપરાગત વાર્તા

ગુજરાતી ભાષાંતર: ધ્રુવ ભટ્ટ
ચિત્રો: શ્રદ્ધા કિરકિરે
સહયોગ: નીલેશ નિમકર

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી-અંગ્રેજી વાર્તા 'बीज बोया / Sowing a Seed'નું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of the story 'बीज बोया / Sowing a Seed' published in Hindi-English by Eklavya.

CC BY NC ND ક્વેસ્ટ અને એકલવ્ય, ઑગસ્ટ 2011
આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-NoDerivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે.
ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે પુસ્તકનો મૂળ સ્રોત તરીકે ઉલ્લેખ કરવો તથા, ક્વેસ્ટ અને એકલવ્યને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે ક્વેસ્ટ અને એકલવ્યનો સંપર્ક કરવો.

આ પુસ્તક ક્વૉલિટી એજ્યુકેશન સપોર્ટ ટ્રસ્ટ (QUEST), પુણે દ્વારા, પરાગ ઈનિશિએટિવ, ટાટા ટ્રસ્ટ મુંબઈના આર્થિક સહયોગ દ્વારા વિકસિત કરવામાં આવી છે.
પહેલું સંસ્કરણ: ઑગસ્ટ 2011 / 2000 પ્રત
બીજું સંસ્કરણ: જૂન 2024 / 1000 પ્રત
કાગળ: 100 gsm મૅપલીથો અને 210 gsm એફબીબી (પૂંઠું)
ISBN: 978-93-81300-06-0
કિંમત: ₹ 55.00

સહપ્રકાશક:
**એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)**
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in

**આર્ચ (ARCH)**
નગારિયા, ધરમપુર
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
arch.dharampur@gmail.com

મુદ્રક: ભંડારી પ્રેસ, ભોપાલ

પહેલાં અમે વાવ્યું બી.

We sowed a seed.



પછી કહ્યું પાણી પી.

And watered it.



એમાં ફૂટ્યો ફણગો.

It sprouted.



પછી થયાં બે પાન.

Two leaves appeared.




વેલો તો ભાઈ વધવા માંડ્યો.

The creeper grew.



કળી ખીલાવી ફૂલવા માંડ્યો.

A bud emerged.



કળી બની ગઈ ફૂલ મજાનું.

A flower bloomed.



ફૂલથી થયું ફળ નાનકડું.

A fruit appeared.



ફળ પણ પાછું વધવા માંડે.

It grew this big.



મોટું મોટું થાવા માંડે.

This... big.






હજીય મોટું થાતું ગયું.

This... big.

અને આ......વડું મોટું થયું.



And this....... big!

તમને કયું ફળ ગમે? અહીં તેનું ચિત્ર બનાવો અને તેમાં રંગ પૂરો.

Draw your favourite fruit and colour it.

આ વાર્તાના બધા ચિત્રો મેં તમારા માટે બનાવ્યા છે.

તમને ચિત્રો દોરવા ગમે? હું તો વારંવાર ચિત્રો બનાવું. ક્યારેક વાંકા-ચૂંકા, ક્યારેક સીધા-સાદા, ક્યારેક બહુ સારા ન પણ ના થાય, તો ક્યારેક એકદમ મસ્ત ચિત્ર બને!

ચિત્રો દોરવા અને રંગો પૂરવાં એ મારું ગમતું કામ છે. એટલે જ તો બાળકોની વાર્તાઓમાં ચિત્રો વેરવાની મને મજા આવે છે.

જયારે જયારે હું ચિત્રો બનાવું છું ત્યારે ત્યારે મને એ બધાં લોકો યાદ આવે છે, જેમણે મને ચિત્રો જોતાં, તેને માણતાં અને ચીતરતાં શીખવ્યું. ચિત્રો ઉપરાંત મને ગીત-સંગીત બહુ ગમે. સંગીતની દુનિયા પણ અદ્ભુત દુનિયા છે.

**-શ્રદ્ધા કિરકિરે**

**ક્વેસ્ટ** (ક્વૉલિટી એજ્યુકેશન સપોર્ટ ટ્રસ્ટ), પ્રત્યેક બાળકને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ મળી શકે તે માટે કાર્યરત એક સ્વયંસેવી સંસ્થા છે. ક્વેસ્ટે 2007થી થાણે અને નંદુરબાર જિલ્લાઓમાં કામ શરુ કરેલું, હવે મહારાષ્ટ્રના 24 જિલ્લાઓમાં સરકારી શાળાઓમાં વિવિધ શિક્ષણ કાર્યક્રમો ચલાવે છે. બાળકોને ગમે તેવા પુસ્તકો તૈયાર કરવાનું કામ ક્વેસ્ટે હાથ ધર્યું છે. એ પુસ્તકોમાંનું એક છે આ પુસ્તક.

**આર્ચ** (ઍક્શન રિસર્ચ ઈન કમ્યુનિટી હૅલ્થ), લગભગ ચાર દાયકાથી લોકોને આવરી લેતી આરોગ્ય અને શિક્ષણની સમસ્યાઓમાં તબક્કાવાર સુધારો લાવવા કામ કરતી એક સ્વૈચ્છીક સંસ્થા છે. આ અંતર્ગત ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં ભાષા અને ગણિતના લાંબાગાળાના કાર્યક્રમોની સાથે સાથે, બાળકોને સ્પર્શે, અચંબિત-આનંદિત કરે તેવું બાળસાહિત્ય અન્ય ભાષાઓમાંથી ગુજરાતીમાં બાળકો સુધી પહોંચાડવા અમે પ્રયાસરત છીએ. આ પુસ્તક પણ એ પ્રયાસનો એક ભાગ છે.

**એકલવ્ય** એક સ્વૈચ્છીક સંસ્થા છે, જે શિક્ષણમાં સુધાર અને નવાચાર માટે અનેક દાયકાથી કાર્યરત છે. આ કામના ત્રણ મુખ્ય આયામ છે – શૈક્ષણિક શોધ તથા સામગ્રી નિર્માણ, અનુભવો અને સંસાધનોની સાઝેદારી, તથા શૈક્ષણિક સામગ્રીનું પ્રકાશન અને વિતરણ.

અમારા પ્રકાશનોની એક વ્યાપક શૃંખલા છે જેમાં બાળ-સામાયિક ચકમક, શિક્ષકો માટે સંદર્ભ, વિજ્ઞાન અને ટેક્નૉલોજી ફીચર્સ સ્ત્રોતની સાથે સાથે બાળસાહિત્ય, શિક્ષાસાહિત્ય, ઍક્ટિવિટી બુક્સ, પાઠ્યપુસ્તકો તથા શિક્ષણ, વિકાસ અને સામાજિક સરોકારના મુદ્દાઓ પરના પુસ્તકો, પુસ્તિકાઓ અને અન્ય સામગ્રી સામેલ છે.

આ પુસ્તક પણ તે જ શૃંખલાની એક કડી છે. આ પુસ્તકની સામગ્રી તથા સજ્જ પર તમારા સુઝાવો આવકાર્ય છે. આનાથી અમને આગામી પ્રકાશનો વધુ રુચિકર, આકર્ષક અને ઉપયોગી બનાવવામાં મદદ મળશે.

મહારાષ્ટ્રના શિક્ષણ અને બાળસાહિત્યની દુનિયાનું જાણીતું નામ તારાબાઈ મોડક. તેઓ કહે છે કે, 'બાળસાહિત્ય એવું હોવું જોઈએ કે જેનો બાળકો આનંદ લઈ શકે. આ માટે બાળસાહિત્યના સર્જકોએ ત્રણ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ– વિષય, ભાષા અને શૈલી. વિષયવસ્તુની પસંદગી બાળકોની દ્રષ્ટિએ કરવી જોઈએ. બાળકોને માટે જિજ્ઞાસાના વિષયો, તેને આનંદ આપે તેવા વિષયો, તેમની મોજના વિષયો શોધી કાઢીને તેમાં વૈવિધ્ય આણવું જોઈએ.'

કઈંક એવો જ પ્રયત્ન અમે આ પુસ્તકમાં કર્યો છે. એક નાનકડા બીયાથી માંડીને વેલ બનવાની અને તેમાં ફળ લાગવાની આખી પ્રક્રિયા બાળકોમાં કુતૂહલ જગાડે છે... અને એ જ તો આ પુસ્તકનો વિષય છે.



eklavya

ARCH

કિંમત: ₹55.00

9789381300060

કવૉલિટી એજ્યુકેશન સપોર્ટ ટ્રસ્ટ દ્વારા નિર્મિત

પરાગ ઇનિશિએટિવ, SRTT અને NRTTના આર્થિક સહયોગ દ્વારા વિકસિત